# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૯૪ તા.૧૭-૧૨-૨૦૧૯

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- અમદાવાદ મ્યુનિ.કોર્પોરેશન વિસ્તારની પ્રા.શાળાઓમાં કિચન ગાર્ડન કરવા બાબત

સંદર્ભ :- ૧. નં.મભય/અશ/કિચન ગાર્ડન/૨૦૧૯/જા.નં.૧૧૧૧ થી ૧૧૧૨ તા.૯-૧૨-૧૯

૨. ક્રમાંક : મભય/અમલ/કિ.ગા./૨૦૧૯/૮૮૭૨-૮૯૭૩ તા.૧૬-૯-૧૯

૩. માન.કમિશનરશ્રી મભયો,અમદાવાદના તા.૧૬-૯-૧૯નો પત્ર.

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય તથા સંદર્ભે જણાવવાનું કે, ‘રાષ્ટ્રીય પોષણ માહ’ અંતર્ગત ગુજરાત સરકારે મધ્યાહન ભોજન યોજના અંતર્ગત ન.પ્રા.શિ.સમિતિ, અમદાવાદ હસ્તકની તમામ શાળાઓમાં કિચન ગાર્ડન વિકસાવવા માટે જણાવવામાં આવે છે. પ્રત્યેક શાળામાં રીંગણ, ટામેટા, દુધી, ધાણા, મરચા, આદુ, સરગવો, લીંબુ તથા જામફળ જેવા ફળફળાદીના દીર્ઘાયુ રોપાઓનું વાવેતર કરવું તથા તેનું કાળજીપૂર્વક ઉછેર કરવા જણાવવામાં આવે છે. આ સાથે સામેલ સંદર્ભિત પત્ર - ૨નો ચીવટપૂર્વક અભ્યાસ કરી જેમાં જણાવેલ સૂચનો પ્રમાણે કિચન ગાર્ડન બનાવી તેના ફોટોગ્રાફસ તથા સામેલ પત્રક-અ ભરીને ઈ.મેઈલ : commissionermdm@gmail.com પર મોકલી આપવાના રહેશે.

બિડાણ : સંદર્ભિત પત્ર-૨

તા.૧૭-૧૨-૨૦૧૯

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

<u>અગત્યનું</u>

<u>સમયમર્યાદામાં</u>

ક્રમાંક:મભય/અમલ/કિ.ગા/૨૦૧૯/૪૪૭૨-૪૪૭૩
કમિશનરશ્રીની કચેરી
મધ્યાહ્ન ભોજન યોજના
બ્લોકનં ૧૪/૧,ડો.જીવરાજ મહેતા ભવન
ગાંધીનગર.તા.૧૬/૦૯/૨૦૧૯
16 SEP 2019

પ્રતિ
નાયબ કલેક્ટરશ્રી,
મધ્યાહ્ન ભોજન યોજના,
તમામ જિલ્લા

વિષય :- "કિચન ગાર્ડન" અંગે થયેલ કામગીરીની વિગતો રજૂ કરવા બાબત.
રાષ્ટ્રીય પોષણ માહ-૨૦૧૯

શ્રીમાન,

આપશ્રી સુવિદિત છો કે, "રાષ્ટ્રીય પોષણ માહ" તરીકે સપ્ટેમ્બર-૨૦૧૯ ની ઉજવણી સમગ્ર રાષ્ટ્રમાં થઈ રહેલ છે. ગુજરાત સરકારે મધ્યાહ્ન ભોજન યોજના અંતર્ગત પ્રત્યેક શાળામાં "કિચન ગાર્ડન" વિકસાવવા માટે વિશાળ પાયે કામગીરી હાથ ધરવા નિર્ણય લીધેલ છે. જેની અંતર્ગત શાળાઓમાં હાલ ૨૮૯૮ કિચન ગાર્ડન હયાત છે તેનું સંવર્ધન થાય અને અત્રે જિલ્લા કક્ષાએથી રજૂ થયેલ માહિતી મુજબ કુલ ૧૧૭૪૪ જેટલી શાળાઓમાં ખુલ્લી જગ્યા ધરાવે છે. તે તમામ શાળાઓમાં વર્ષ ૨૦૧૯-૨૦માં "કિચન ગાર્ડન" વિકસાવવાના છે.

"સુપોષિત ભારત-વર્ષ-૨૦૨૨" ના સ્વપ્નને સિધ્ધ કરવા માટે રાજ્ય સરકારના અનેક વિભાગો દ્વારા જુદી જુદી પ્રવૃતિઓ ઝુંબેશ રૂપે હાથ ધરવામાં આવેલ છે. પ્રત્યેક શાળામાં "કિચન ગાર્ડન"નો વર્ષ-૨૦૧૯ ના ફ્લેગશિપ કાર્યક્રમમાં સમાવેશ થયેલ છે. "કિચન ગાર્ડનનો હેતુ", શાળાના પરિસરમાં મધ્યાહ્ન ભોજન યોજનાના લાભાર્થી બાળકોને વધારે સારું પોષણ આપવામાં ઉપયોગી ઋતુ પ્રમાણે શાકભાજીના છોડ અને ફળાઉ ઝાડનું સંવર્ધન કરવાનો અને તેનો વિનામુલ્યે ઉપયોગ મધ્યાહ્ન ભોજન યોજનામાં કરવાનો છે.

હાલમાં વર્ષા ઋતુ ગુજરાતમાં સક્રિય છે. નવા છોડ, રોપાઓ ઉછેરવાનું અનુકૂળ વાતાવરણ છે. તેથી પ્રત્યેક શાળાઓમાં ઉપલબ્ધ જગ્યા પ્રમાણે મધ્યાહ્ન ભોજન યોજનામાં વપરાશ થઈ શકે તેવા શાકભાજીના છોડ ઉદાહરણ તરીકે, રીંગણ, ટામેટાં, દૂધી, ધાણા, મરચાં, આદું તથા સરગવા, લીંબુ, જામફળ જેવા દીર્ઘઆયુ રોપાઓનું વાવેતર અને કાળજીપૂર્વક ઉછેર થાય તે માટે હાલની આ

વર્ષા ઋતુનો સમય ખુબજ અનુકૂળ છે. સબબ,આ કામગીરી ઝુંબેશ સ્વરૂપે જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીશ્રીનો સહયોગ મેળવી દિન-૮ થી ૧૦માં પૂર્ણ કરી સામેલ પત્રકમાં અહેવાલ કરવા વિનંતી છે.

પ્રત્યેક શાળાના કિચન ગાર્ડનમાં ઉપયોગી છોડ, રોપાઓનું વાવેતર થાય તે જરૂરી છે. આપની કક્ષાએથી કિચન ગાર્ડનની માહિતી નિયત પત્રક-અ મુજબ ભરીને અત્રેની કચેરીને ફોટોગ્રાફ સાથે ઇમેલ (commissionermdm@gmail.com) દ્વારા મોકલી આપવા વિનંતી છે.

બિડાણ સામેલ છે.

(એમ.એ.પંડ્યા I.A.S.)
કમિશનર
મધ્યાહ્ન ભોજન યોજના
ગાંધીનગર

નકલ સવિનય રવાના -

પ્રતિ,

- સર્વ શિક્ષા અભિયાન, સેક્ટર-૧૭, ગાંધીનગર. જાણ તથા જરૂરી કાર્યવાહી
- કલેક્ટરશ્રી, તમામ જિલ્લા. જાણ તથા જરૂરી કાર્યવાહી
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર. જાણ તથા જરૂરી કાર્યવાહી
- કમિશનરશ્રી, શાળાઓની કચેરી, ડૉ.જીવરાજ મેહતા ભવન, ગાંધીનગર. જાણ તથા જરૂરી કાર્યવાહી
- શિક્ષણ અધિકારીશ્રી, તમામ જિલ્લા. જાણ તથા જરૂરી કાર્યવાહી

# પત્રક - અ

| ક્રમ | જિલ્લાનું નામ | તાલુકાનું નામ | શાળાનું નામ/ગામ | વાવેતર કરેલ શાકભાજી/ફળાઉ છોડનું નામ | છોડની સંખ્યા |
|---|---|---|---|---|---|
| | | | | | |

# Annual Work Plan and Budget 2019-20

## Table AT-10 E: Information on Kitchen Gardens

State / UT:

*During 01.04.18 to 31.03.2019*

| S.No. | Name of District | Total no. of institutions | Total institutions where setting up of kitchen garden is possible | No. of institutions already having kitchen gardens | No. of institutions where setting up of kitchen garden is in progress | No. of institutions where setting up of kitchen garden is proposed during 2019-20 | Name of the Krishi Vigyan Kendra (KVK) |
|---|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 |
| 1 | Ahmedabad | 1295 | 906 | 57 | 21 | 414 | 0 |
| 2 | Amreli | 811 | 567 | 17 | 8 | 371 | 0 |
| 3 | Anand | 1449 | 770 | 241 | 32 | 349 | 0 |
| 4 | Banaskantha | 1101 | 896 | 163 | 24 | 355 | 0 |
| 5 | Bharuch | 2551 | 1785 | 76 | 23 | 843 | 0 |
| 6 | Bhavnagar | 990 | 693 | 17 | 24 | 326 | 0 |
| 7 | Dahod | 700 | 735 | 20 | 12 | 452 | 0 |
| 8 | Dang | 1051 | 1213 | 319 | 22 | 536 | 0 |
| 9 | Gandhinagar | 1791 | 302 | 13 | 8 | 141 | 0 |
| 10 | Jamnagar | 432 | 440 | 2 | 0 | 219 | 0 |
| 11 | Junagadh | 629 | 556 | 11 | 2 | 372 | 0 |
| 12 | Kheda | 1459 | 576 | 198 | 33 | 273 | 0 |
| 13 | Kutch | 1734 | 1014 | 103 | 21 | 345 | 0 |
| 14 | Mehsana | 794 | 1253 | 81 | 10 | 581 | 0 |
| 15 | Narmada | 824 | 771 | 96 | 9 | 435 | 0 |
| 16 | Navsari | 335 | 490 | 152 | 6 | 266 | 0 |
| 17 | Panchmahal | 1102 | 539 | 77 | 9 | 327 | 0 |
| 18 | Patan | 855 | 726 | 48 | 7 | 336 | 0 |
| 19 | Porbandar | 1037 | 567 | 32 | 9 | 363 | 0 |
| 20 | Rajkot | 1317 | 1021 | 32 | 2 | 494 | 0 |
| 21 | Sabarkantha | 1372 | 625 | 517 | 12 | 81 | 0 |
| 22 | Surat | 910 | 457 | 179 | 4 | 237 | 0 |
| 23 | Surendranagar | 1244 | 785 | 28 | 6 | 376 | 0 |
| 24 | Tapi | 1008 | 637 | 199 | 3 | 318 | 0 |
| 25 | Vadodara | 771 | 456 | 35 | 2 | 210 | 0 |
| 26 | Valsad | 819 | 721 | 12 | 1 | 554 | 0 |
| 27 | Arvalli | 1281 | 705 | 44 | 7 | 427 | 0 |
| 28 | Botad | 261 | 108 | 13 | 6 | 55 | 0 |
| 29 | Chhotaudepur | 1293 | 823 | 32 | 3 | 495 | 0 |
| 30 | Devbhumi Dwarka | 661 | 368 | 0 | 4 | 182 | 0 |
| 31 | Gir Somnath | 594 | 410 | 53 | 3 | 311 | 0 |
| 32 | Mahisagar | 1241 | 724 | 24 | 4 | 448 | 0 |
| 33 | Morbi | 595 | 356 | 7 | 6 | 272 | |
| | TOTAL | 34307 | 22995 | 2898 | 343 | 11744 | 0 |